અપીલ અરજી નં.૧૬૫ તા.૨૦–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નવીનચંદ્ર ધનસુખલાલ રાણા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નવીનચંદ્ર ધનસુખલાલ રાણાની તા.૧૯–૬–૧૦ની અરજીથી મ્યુ.ટેના. નં.૨૭ડી–૧૭–૧૦૪૧–૦–૦૦૧ વાળી મિલકતના સને – ૧૯૮૯ – ૯૦ ની એસેસમેન્ટની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૫/૨૦૧૦–૧૧

શ્રી નવીનચંદ્ર ધનસુખલાલ રાણાની તા.૧૯–૬–૧૦ અરજીથી મ્યુ.ટેના. નં.૨૭ડી–૧૭–૧૦૪૧–૦–૦૦૧ વાળી મિલકતના સને–૧૯૮૯–૯૦ ની એસેસમેન્ટની નકલની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં. સા.ઝોન/અકણ આરટીઆઈ/ ૫૫ તા.૨૩–૭–૧૦ થી આપેલ માહિતી અસ્પષ્ટ અધુરી અને ધુંધળી માહિતી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં નિર્દિષ્ટ સમયમાં પુરમાં નાશ પામેલ રેકર્ડની યાદીમાં વિવાદ હેઠળના રેકર્ડનો સમાવેશ હોય તેની નકલ, એસેસમેન્ટ રજીસ્ટર કાયમી રેકર્ડ હોઈ હાલ નિર્દિષ્ટ મિલકતની આકારણી રજીસ્ટરમાં શું સ્થિતિ છે. તેની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૬૪૪ તા.૩૧–૮–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૧૫ તા.૧૩–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફીલ્કબુકની/ એસેસમેન્ટની નકલ માટે ભરેલ ફી ની રૂા.૫/– ની રસીદની નકલ તથા કરેલી અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/૫૫ તા.૨૩–૭–૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ, સદર ટેનામેન્ટની પાર્ટી સ્ટેટસ તથા કોમ્પ્યુટરરાઈઝ એસેસમેન્ટ પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૯–૬–૧૦ ની અરજીથી મ્યુ.ટેના. નં.૨૭ડી–૧૭–૧૦૪૧–૦–૦૦૧ વાળી મિલકતના સને –૧૯૮૯ – ૯૦ ની એસેસમેન્ટની નકલ મેળવવા માટેની અરજી તા.૧–૬–૦૯ ની દફતરે કરવામાં આવેલ છે પરંતુ અરજદારે સદર નકલ કોર્ટમાં રજૂ કરવાની હોય તેવું જણાવી કાઢી આપવા રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૫૫ તા.૨૩–૭–૧૦ થી " સદર અરજી બાબતે માહિતી આપવા માટેની તમારી વિનંતીના સંદર્ભમાં માહિતી/દસ્તાવેજો નીચેના કારણોસર આપી શકાય તેમ નથી. ટેના નં.. મ્યુ.ટેના. નં.૨૭ડી–૧૭–૧૦૪૧–૦–૦૦૧ વાળી મિલકતના સને – ૧૯૮૯ – ૯૦ ની એસેસમેન્ટની નકલની માંગણી અંગે જણાવવાનું કે સને ૨૦૦૪–૦૫ ના ખાડીપૂરમાં સદરહુ રેકર્ડ નાશ પામેલ હોય રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે આપેલી માહિતી અસ્પષ્ટ અધૂરી અને વિગતવાર ખુલાસો નહીં આપી ધૂંધળી માહિતી આપેલ છે તેવું જણાવી તા.૨૦–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં સને ૨૦૦૪–૦૫ ના ખાડી પૂરકમાં સદર રેકર્ડ નાશ પામેલ છે જયારે સને ૨૦૦૪–૦૫ ના ખાડી પૂરમાં સુરત મહાનગરપાલિકાની સાઉથઝોનને કચેરીમાં ફકત ૪ ફુટની પાણીના પૂરની ઉંચાઈ રહેલી હતી અને તે પૂરના પાણીની ઉંચાઈનો સ્કેલ સાઉથઝોન ઉધના કચેરીએ હાલની તારીખે પણ મૌજુદ છે. જયારે કચેરીના રેકર્ડ રૂમ સાઉથઝોન ઉધના કચેરીના બીજા માળે આવેલ છે. અને તે રીતે જોતાં પણ સામાવાળાએ જે માહિતી આપેલ છે તે માહિતી પોતાની ફરજ ભુલી ખોટી અને તદ્દન અસ્પષ્ટ માહિતી પૂરી પાડેલ હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં લાલપરી રાજકિશોર પ્રસાદને ઉધનાઝનો કચેરી ધ્વારા સને ૨૦૦૮ ના અરસામાં અમો અરજદારની બીજી મિલ્કતના સને ૧૯૮૭ ના અરજદારના નામના ડોકયુમેન્ટ પૂરા પાડેલા . તે જોતાં સામાવાળાએ આપેલ માહિતી બિલકુલ ભુલ ભરેલી ખોટી અને અસ્પષ્ટ અને ગેરમાર્ગે દોરવાઈ તેમ આપેલ છે. અમને એમ જણાવવામાં આવે છે કે પૂરના કારણે દસ્તાવેજો આપી શકાય તેમ નથી બીજી મિલ્કતના બીલ કોમ્પ્યુટરરાઈઝ ઝેરોક્ષ નકલ સને ૧૯૮૯–૯૦ ના અરસાની નકલ રજૂ કરીએ છીએ તે જોતાં અમે લાગે છે કે સને ૧૯૮૯–૯૦ થી કોર્પોરેશનનના વેરાબીલ વિગેરેને લગતા રેકર્ડ કોર્પોરેશનના કોમ્પ્યુટર ઉપર ચઢાવેલ છે તેમ છતાં એસેસમેન્ટને લગતો રેકર્ડ નાશ પામેલ છે તેવું કેવી રીતે માની શકાય તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે આધાર તરીકે લાલપરી રાજકિશોર પ્રસાદની તા.૨૪–૧૧–૦૮ થી આરટીઆઈ એકટ હેઠળ માંગેલી માહિતી અંગે ઉધનાઝોન તરફથી આપવામાં આવેલી માહિતી પત્ર સા.ઝોન/અકણ/૧૧૭૨ તા.૨૦–૧૨–૦૮ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જેમાં નવીનચંદ્ર ધનસુખલાલ રાણાના પત્રની નકલ ઝેરોક્ષ નકલ નંગ–૧ તા.૩૧–૩–૮૭ ની અરજીની નકલ તથા તા.૨૦–૩–૮૬ ના રોજ તેઓએ ઉધના નગર પંચાયતમાં સને ૧૯૮૫–૮૬ ના ઘરવેરા ભરપાઈની રસીદની નકલ તેઓને પૂરી પાડયાની ઝેરોક્ષ કોપી અત્રે રજૂ કરેલ છે. પરંતુ તે અંગેના એસેસમેન્ટની નકલ અરજદારે રજૂ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારીનો ૨૦–૧૨–૦૮ નો પત્ર ધ્યાને લેતાં તેમાં પણ આકારણીની નકલ આપ્યાનો ઉલ્લેખ નથી. તેથી તે સમયે આકારણી રજીસ્ટરનું દફતર હોવાના અરજદારના દાવાને સમર્થન મળતું નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર રેકર્ડ પૂરમાં નાશ પામ્યાનું જણાવેલ છે. જેમાં સદરહુ માહિતી અંગે સઘન તપાસ કરી રેકર્ડ મળી શકેલ ન હતો અને સને ૨૦૦૪–૦૫ ની ખાડી પૂરમાં આકારણી ખાતાનો અમુક રેકર્ડ નાશ પામેલ હતો જેથી અરજદારને ખાડી પૂરમાં સદર રેકર્ડ નાશ પામેલ હોય રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી તેવો જવાબ પાઠવવામાં આવેલ. વધુમાં નિર્દિષ્ટ સમયમાં નાશ પામેલ રેકર્ડ અંગે કોઈ યાદી બનાવવામાં આવેલ નથી તેમજ સદર ટેનામેન્ટમાં નવીનચંદ્ર ધનસુખલાલ રાણાનું નામ કબ્જેદાર તરીકે દાખલ છે તેવા કારણ સહિત માહિતી અંગે સ્પષ્ટતા પણ કરેલ છે. વધુમાં અરજદારને ટેક્ષ બાબતેની માહિતી અંગે કોમ્પ્યુટરરાઈઝ પાર્ટી સ્ટેટસની નકલ તથા એસેસમેન્ટ પત્રકની નકલ અત્રે રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે અપીલમાં સને ૧૯૮૯–૯૦ માં વેરાબીલનો રેકર્ડ કોમ્પ્યુટર રાઈઝ થયા અંગેના દાવા અંગે કોમ્પ્યુટરરાઈઝ એસેસમેન્ટ પત્રકની નકલ જોઈતી હોય તો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી મેળવી શકે છે. જયારે રેકર્ડ નાશ અંગે ખાતરી કરવા અંગે બાબત હેઠળની મિલ્કતના ૨૦૦૪–૦૫ પછીના અસ્તિત્વ ધરાવતાં આકારણી રજીસ્ટરનું દફતરી ઈન્સ્પેકશન મેળવી શકે છે.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૬–૧૦ ની બંને અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે સને ૨૦૦૪–૦૫ ના ખાડી પૂરની અંદર આકારણી ખાતાનો રેકર્ડ નાશ પામેલ હોય દફતરે નહીં હોવાની વિગતો અરજદારને જણાવેલ છે. જે બાબતે અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળના દફતરની તપાસણી હુકમ મળ્યેથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી ઈન્સ્પેકશન તથા કોમ્પ્યુટરરાઈઝની એસેસમેન્ટ પત્રકની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને માહિતી મેળવવા સ્વતંત્ર છે. અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી નવીનચંદ્ર ધનસુખલાલ રાણા,